ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

# ભારતમા અન્ન અધિકાર: બંધારણીય જવાબદારી

**RAMANI BHARATI M.**

Ph. D Scholar
Department of Economics
Saurashtra University Rajkot

## સારાંશ

ભારતમા ખાદ્ય અસલામતીનો પ્રશ્ન વ્યાપક પ્રમાણમા જોવા મળે છે.ખાદ્ય સુરક્ષાને માનવ અધિકારમાનો એક અધિકાર માનવમા આવે છે આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર કાયદો પર્યાપ્ત ખોરાક ના અધિકારને માન્યતા આપે છે. પરંતુ આજે પણ દેશના અનેક નાગરિકો પર્યાપ્ત ખોરાકથી વંચિત છે. અતિવૃષ્ટિ,અનાવૃષ્ટિ,વૈશ્વિકીકરણ,કૃષિ અને ખેડૂતો પર વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઇઝેશન કાયદાની અસર ઘણા લોકોના ભોજનના અધિકારને અસર કરે છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસનો હેતુ ભારતની પ્રવર્તમાન ખાદ્ય સુરક્ષા સંબંધિત પરિસ્થિતી તપાસવાનો, ભારત સરકાર દ્વાર ખાદ્ય સુરક્ષાની ખાતરી કરવા માટેની જવાબદારીયો અને પહેલની તપાસ કરવાનો તેમજ ખાદ્ય સુરક્ષા સંબંધિત નીતિઓ અને યોજનાઓની માહિતી દર્શાવવાનો છે.

## પ્રસ્તાવના

ખોરાકના અધિકારની ઉત્તક્રાંતિનો ખ્યાલ વર્ષ 1948 માં માનવ અધિકારની સાર્વત્રિક ઘોષણા (**Universal Declaration of Human Rights – UDHR**) મા સમાવિષ્ઠ પર્યાપ્ત જીવનધોરણના માનવ અધિકારમાથી લેવામાં આવેલ છે. **UDHR** ની કલમ 25 (1) ભારપૂર્વક જણાવે છે કે 'ખોરાક, કપડાં, આવાસ,આરોગ્ય સંભાળ અને જરૂરી સામાજિક સેવાઓ સહિત પોતાના અને પોતાના પરિવારના સ્વાસ્થ્ય અને સુખાકારી માટે દરેકને પર્યાપ્ત જીવનધોરણનો અધિકાર છે.' આર્થિક,સામાજિક,અને સંસ્કૃતિક અધિકાર પર આંતરરાષ્ટ્રીય કરાર (1966) એ દરેકના ભૂખથી મુક્ત થવાના અધિકાર પર ભાર મુકે છે.

'**Right to food**' ના અધિકારની ખાતરી કરવા માટે અને રાજયોની જવાબદારીઓ સમજવા માટે બંધારણીય કલમ 21, કલમ **39(a)** અને કલમ 47 મા વિસ્તૃત સમજૂતી આપવામાં આવી છે.

સંવિધાનની કલમ 39(**a**) દેશના શાસનના મૂળભૂત એક નિર્દેશક સિદ્ધાંતો તરીકે રજૂ કરવામાં આવી છે. જે દર્શાવે છે કે રાજ્યના દરેક સ્ત્રી અને પુરૂષોને સમાનતા નો પૂરતો અધિકાર છે કે નહીં તે સુનિશ્ચિત કરવા માટે તેની નીતિને નિર્દેશિત કરવાની આવશ્યકતા છે. કલમ 47 એ પ્રાથમિક જવાબદારી તરીકે પોષણનું સ્તર અને લોકોનું જીવન ધોરણ વધારવા માટે રાજ્યની ફરજ દર્શાવે છે

**ખોરાકનો અધિકાર**

ખોરાકનો અધિકાર એક માનવીય અધિકાર છે. તે સૂચવે છે કે પર્યાપ્ત ખોરાક ઉપલબ્ધ છે લોકો તેના સુધી પહોંચવા માટેના સાધનો ધરાવે છે. વ્યક્તિ પોતાની આહારની જરૂરિયાતોને પૂરતા પ્રમાણમા પૂર્ણ કરે છે. ખોરાકનો અધિકાર દરેક માનવીની ભૂખ, ખોરાકની અસલામતી અને કુપોષણથી મુક્ત રહેવાના અધિકારની રક્ષા કરે છે. ખોરાકનો અધિકાર એ બાબતનું બિલકુલ સમર્થન કરતો નથી કે સરકારની દરેકને મફત ભોજન આપવાની જવાબદારી છે. જો કે, કુદરતી આપત્તિઓ, યુદ્ધ પછીના સમયમા, નિયંત્રણ બહારના કારણોસર લોકો ખોરાકથી વંચિત હોય તે સમયે સરકાર ની એ ફરજ છે કે દરેકને ખોરાક પૂરો પડવો.

આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પરના આંતરરાષ્ટ્રીય કરારમા ખોરાકના અધિકારનો અર્થ આ મુજબ આપવામા આવેલ છે :

"પર્યાપ્ત ખોરાક સહિતના જીવનનિર્વાહનો પર્યાપ્ત અધિકાર તેમજ ભૂખથી મુક્ત થવાનો મૂળભૂત અધિકાર એટલે ખોરાકનો અધિકાર"

**અન્ન અધિકારને ભારત સરકાર માન્યતા આપે છે:**

ભારત સરકાર ખોરાકના અધિકાને એક માનવ અધિકાર તરીકે માન્યતા આપે છે. ભારત દેશ સંયુક્તરાષ્ટ્ર નો સક્રિય સભ્ય છે અને આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકાર એટલે કે આંતરરાષ્ટ્રીય કરાર પરનો એક રાષ્ટ્રીય પક્ષ છે. તેથી ભારતના દરેક નાગરિક માટે ખોરાકના અધિકારનું સન્માન, રક્ષણ અને પરિપૂર્ણ કરવાની ફરજ ભારત સરકારની છે. ભારતીય બંધારણ ખોરાકના મૂળભૂત અધિકારને તુલનાત્મક માનવીય અધિકારોની જોગવાઇઓમાં, મૂળભૂત અધિકારના લેખોમા

ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

તેમજ રાજ્ય નીતિના નિર્દેશક સિદ્ધાંતોમા ખોરાકના અધિકારને માનવ અધિકાર તરીકે માન્યતા આપવામાં આવી છે. ભારતીય બંધારનની કલામ -21 લોકોના જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાના રક્ષણનો મૂળભૂત અધિકાર પૂરો પડે છે. આ કલમ રાજ્યોને નાગરિકોના જીવનનો અધિકાર સુનિશ્ચિત કરવાનો આદેશ આપે છે. તેમાં દર્શાવવામાં આવ્યું છે કે દરેકને દિવસમાં ઓછામાં ઓછા બે વખત (સમય) ભોજન સાથે ગૌરવપૂર્ણ જીવન જીવવાનો અધિકાર છે. રાજ્યોની નીતિ નિર્દેશક સિદ્ધાંતોની કલામ -47 એ સ્પષ્ટ કરે છે કે પોષણનું સ્તર અને જીવનધોરણ વધારવું તેમજ જાહેર આરોગ્ય સુધારવું એ રાજયોની ફરજ છે. ભારતની સર્વોચ્ચ અદાલતનો આદેશ જીવનના અધિકારના ભાગરૂપે ખોરાક ના અધિકારનું સમર્થન કરે છે. જે ભારતીય બંધારણ મુજબ મૂળભૂત અધિકાર છે.

**રાજયોની જવાબદારી :**

ખોરાકનો અધિકાર અનેક પરિબળો પર આધારિત છે. જેમા જમીનથી લઈને આવકની પૂરતી તકો સુધીના પરિબળોનો સમાવેસ થાય છે. આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકાર અંગે ની સમિતિ ( International Covenant On Economic, Social and Cultural Rights-ICESCR) એ રાષ્ટ્ર સરકારોને ખોરાકનો અધિકાર સુનિશ્ચિત કરવાની પ્રાથમિક જવાબદારી સોપી છે. ખોરાકના અધિકાર હેઠળ જવાબદારીના ત્રણ જુદા જુદા સ્તર છે. એટલે કે **ICESCR** એ રાજયો ની જવાબદારી ને ત્રણ પ્રકારની હોવાનું અર્થઘટન ક્યું છે.

(૧) આદર :

આદર સૂચવે છે કે રાજ્યોએ મનસ્વી રીતે લોકોને ખોરાક સુધી પહોંચતા અટકાવવા જોઈએ નહીં.

(૨) રક્ષણ :

રક્ષણ અથવા સુરક્ષિતતાનો અર્થ એ છે. કે રાજ્યોએ સુનિશ્ચિત કરવા પગલાં ભરવા જોઈએ કે નાગરિકોને તેમના પુરતા આહારની પહોંચથી વંચિત ન રાખે.

ISSN 2454-8596
www.MyVedant.com

VIDHYAYANA

An International Multidisciplinary Research E-Journal

(૩) પરિપૂર્ણ:

પરિપૂર્ણ એટલે કે સગવડ પ્રદાન કરવી એ જરૂરી છે કે સરકારે ખોરાકની સુરક્ષા સહિત નાગરિકોના જીવન નિર્વાહને સુનિશ્ચિત કરવા ઉત્પાદનો સંશાધનો અને મધ્યમોના વપરાશ અને લોકોના વપરાશને બજબુત બનાવવાના હેતુસર પ્રવૃતિઓમા સક્રિયપણે ભાગ લેવો આવશક  છે.

અન્ન અધિકાર માટેની સરકારની નીતિઓ અને યોજનાઓ :

ભારત સરકારે તમામ નાગરિકો માટે મૂળભૂત પોષણ માળખું કાયદાકીય રીતે સ્થાપિત કરીને ખોરાકની સલામતી સુનિશ્ચિત કરવા અને ખોરાકના અધિકારની અનુભૂતિ કરવાની પ્રતિબધ્ધ્તા દર્શાવી છે. સર્વોચ્ચ અદાલતે જણાવ્યુ હતું કે અન્નનો આદિકાર એક ન્યાયી, સમીક્ષા કરવા યોગ્ય, વિસ્તૃત,  કાયદેસર અમલીકરણ, બંધારણીય અને અદમ્ય અધિકાર છે. ખાદ્ય અનાજનું યોગ્ય વિતરણ સુનિશ્ચિત કરવા માટે સર્વોચ્ચ અદાલતનો પહેલો મુખ્ય વચગાળોનો હુકમ 28 નવેમ્બર 2001  ના રોજ જારી કરવામા આવ્યો હતો આ આદેશ ખાદ્ય સુરક્ષા સંબંધિત આંઠ યોજનાઓ પર કેન્દ્રિત છે.

VIDHYAYANA

- જાહેર વિતરણ વ્યવસ્થા
- અંત્યોદય અન્ન યોજના
- મધ્યાહ્ન  ભોજન યોજના
- સંકલિત બાલ વિકાસ યોજના
- અન્નપૂણા યોજના
- રાષ્ટ્રીય  વૃધ્ધાવસ્થા પેન્શન યોજના
- રાષ્ટ્રીય પ્રસૂતિ લાભ યોજના
- રાષ્ટ્રીય કુટુંબ લાભ યોજના

➢·રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ 2013 ની મહત્વની બાબતો :-

⇨ આ કાયદો વર્ષ 2013થી અમલમાં આવ્યો છે. જેનો હેતુ દેશના બે તૃતીયાંશ લોકોને ખાદ્ય સુરક્ષા પુરી પાડવાનો છે.

⇨ ભારતનાં 67 ટકા લોકોને સબસિડી દરે અનાજનો અધિકાર આ કાયદામાં આપવામાં આવ્યો છે.

⇨ લાભાર્થી પરિવારોને આ કાયદા હેઠળ આવરી લેવા માટે બે શ્રેણી આ કાયદા હેઠળ પાડવા માં આવી છે. (1) અંત્યોદય અન્ન યોજના હેઠળ આવતાં પરિવારો અને (2) પ્રાથમિકતાના આધારે પસંદ થયેલા પરિવારો

⇨ પ્રાથમિકતાના આધારે પસંદગી પામેલાં પરિવારના પ્રત્યેક સભ્યને દર મહિને 5 કિલોગ્રામ અનાજ મળશે અને અંત્યોદય અન્ન યોજના હેઠળ સમાવેશ પામતા પરિવારોને દર મહિને 35 કિલોગ્રામ અનાજ મળશે જે અંતર્ગત એક રૂપિયા કિલોગ્રામ બરચ્છડ અનાજ, બે રૂપિયા કિલોગ્રામ ઘઉં અને ત્રણ રૂપિયા કિલોગ્રામ ચોખા આપવાની જોગવાઈ છે.

⇨ ગ્રામ્ય વિસ્તારોની 75 ટકા અને શહેરી વિસ્તારોની 50 ટકા વસ્તીને રાહતદરે અનાજ પુરુ પાડવામાં આવશે..

સમાપન

ભારતમા ભૂખ, કુપોષણ અને ખોરાકની અસલામતીથી પીડિત લોકોનું પ્રમાણ વધુ જોવા મળે છે. ભારતને ભૂખમરાથી મુક્ત કરવાનું સ્વપ્ન તો સ્વપ્ન જ રહ્યું છે. સરકારે ભૂખમરા અને કુપોષણની સમસ્યાના નિવારણ માટે અનેક યોજનાઓ અને નીતિઓની રચના કરી છે પરંતુ તેના યોગ્ય અમલીકરણના અભાવ જોવા મળે છે. ભારતને ભૂખમરાથી મુક્ત કરવા અને દરેક માટે ખોરાકનો અધિકાર સુનિશ્ચિત કરવા સરકારે આ ક્ષેત્રે પ્રયત્નો કરવાની આવશ્યકતા છે.

**સંદર્ભ સૂચિ** :


- શાહ હેમન્ત અને શાહ આત્મન(૨૦૧૮),'ભારતીય અર્થતંત્ર',ગાંધીનગર,વેદ વ્યાસ વિદ્યાપીઠ
- Gowda Sanjeeve (2015) , 'Right to Food in India :A constitutional perspective' ,international journal of Law and legal jurisprudence studies, ISSN 2348-8212, vol 3, February.
- Sabberwal Karan and Kapur Nabhit (2014), 'Right to Food :A Constitutional obligation on the state ', international research journal of social sciences , ISSN - 2319 3565, vol 3 (9), September.
- https:// en.m. Wikipedia.org. Right – to – food